હંસાકુમારી

નાટકના ગાયનો.

શ્રી સુંદર વિલાસ નાટક કંપનીને માટે

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કારનાર

રણછોડદાશ ભાઇચંદ આમલીવાળા

આવૃતિ પહેલી પ્રત ૨૦૦૦

સુરત.

"દેશી મિત્ર" એનજીન પ્રેસમા કાશીદાશ ભગવાનદાસે છાપ્યા.

સવત ૧૯૬૦ સને ૧૯૦૪

કીમત બે આના.

ખેલનો ટુંક સાર.

અંક ૧ લો

પ્રથમ પ્રારંભે ઇશ્વર પ્રાર્થના તથા ગણુપતીનુ સ્તવન થાય છે. ત્યારબાદ રત્નપુરીમા. ચૈહાણુવસી રાજા તપ્પસિંહના દરબાર ભરાય છે, ત્યાં ગંભીરા સહેરથી નિકળેલ એક જાસુદ રાજા ગભીરસિંહનો પત્ર લઇ આવે છે દરમ્યાન તપ્પસિંહનો એક કીર્તિવંત નામનો દસોદી પોતાના રાજાની કીર્તિ ગજાવવાને ત્યાથી દેશાટણુ કરવા જાય છે બાદ જાસુદનો આપેલ પત્ર દરબારમા વચાય છે, તેમા ગભીરસિંહ એમ જણુાવે છે કે દીલ્લીપતી અલ્લાઉદીને મને ભારે ધાસ્તી આપી જણાવ્યુ છે કે તારી પુત્રી હસાકુમારી મને મારી બેગમ બનાવવા આપ આ શબ્દો પત્રમાં વચાતાજ સુરા તપ્પસિંહની ઝનુન પોતાના કાબુમાં રહી નહી ને પત્ર પુરો વચાઇ રહ્યો નહિ તે પહેલાજ બહાદુર તપ્પસિંહે પોતાના પ્રધાનને એવો હુકમ કર્યો કે ગભીરસિંહને એવો જવાબ લખી આપો કે હમો તમને પુરતી મદદ આપીશું પ્રધાન તપ્પસિંહના કહેવાથી તેનો જવાબ લખી આપે છે. બાદ દરબાર બરખાસ્ત થાય છે બાદ દિલ્લીપતિ અલ્લાઉદીને ગભીર સિંહ પાસે હસાની માગણી કરેલી તેનો ગભીરસિંહ તરફથી ઉત્તર નહી મળવાથી પોતાના એક મુસ્તફાખાન નામના સરદારને, એક લસ્કરની ટુકડી આપી હસાનુ હરણુ કરવા મોકલે છે તે સરદાર ગભીરા શહેર આવે છે. પણ ત્યાં રજપુતોએ બહુજ સખ્ત બદોબસ્ત કરી રાખ્યો હતો કે કોઇ પણુ પરદેશી આદમીને શહેરમા દાખલ કરવો જ નહિ, માટે સરદાર મુસ્તફાખાન પોતાના કામમા ફાવી શકતો નહોતો જેથી તેણે એક લાલન નામની ચાલાક માલણુને રુસ્વત આપી પોતાના હાથમાં લીધી પછી માલણુની મસલતથી પોતાના તમામ લસ્કરને શહેર બહાર ગીચ ઝાડીમા છુપાવી રાખી. મુસ્તફાખાન પોતાના બે બહાદુર લશ્કરી માણુસો સહીત બીના સ્વાંગમાં શહેરના દરવાનને હમો નગ્રની સ્રીયો છેએ. એવો ફરેબ દઇ

લુચ્ચી માલણુની સાથે નગ્રમાં પેઠા. અને સ્વયંવરમાં દાખલ થયા. ત્યાં હંસાનું હરણુ કરવા જતાંજ તમામ દગલબાજ માણુસો રજપુતોના હાથમાં સપડાઇ જાય છે ને સજાને પાત્ર થાય છે. પછી પોલીસ અમલદારો તેમને જેલમાં લઈ જાય છે. બાદ રત્નપુરીમાં હંસાને બે જોડ પુત્રો પ્રસવ થાય છે. તેમાંના મોટા કુંવરનું નામ વિલાસ ને નાના કુંવરનું નામ ચંદ્ર પાડે છે. હર્ષમાં છવાઇ ગયેલી ભાગ્યશાળી હંસા બંન્ને પુત્રોને રમાડે છે, હાલરડાં ગાય છે ને તખ્તસિંહ પોતાના કુંટુંબ પરિવાર સહીત અત્યાનંદે સુખ માણે છે.

અંક બીજાનો સાર.

દિલ્હીપતી અલ્લાઉદ્દીન પોતાનો દરબાર ભરીને બેઠો છે. ત્યાં મુસલમાન સિપાઇઓ પાદસાહના હુકમથી કેટલાક હિંદુ સાધુસંત વિગેરે જેઓ હીંદુ ધર્મ પાળે છે તેમને દરબારમાં પકડી લાવેછે. અલ્લાઉદ્દીન તેઓને ધાતકી શીક્ષા કરે છે. પછી રત્નપુરીથી નિકળેલ કવિ કીર્તિવંત ત્યાં આવે છે, તે અલ્લાઉદ્દીનના મોઢા આગળ તખ્તસિંહનાં બહાદુરી ભરેલાં વખાણુ કરે છે. તે બાબતમાં અલ્લાઉદ્દીન ચીડાય છે. ને કીર્તિવંત સાથે ખુબ ઝગડો થાય છે. કીર્તિવંત લડાઇનું નોતરૂં દઈ અલ્લાઉદ્દીનને ખુબ દમ ભીડાવી ચાલ્યો જાય છે, બાદ અલ્લાઉદ્દીન એકદમ રત્નપુરી ઉપર ચડાઈ કરે છે. ને પછી રત્નપુરીમાં કેટલાક નગ્ર નિવાસી છોકરાઓ રમે છે. ત્યાં તેમને કુંવર ચંદ્ર તથા વિલાસ નિશાળે જતાં માર્ગમાં મળે છે. ત્યાં પરસ્પર કેટલીક વાતચિત થાય છે એટલામાં તખ્તસિંહ આવે છે, તે બાગમા ઉજાણી જવા વિશે કુંવરોને વાત કહે છે. દરમ્યાન અલ્લાઉદ્દીનના ચડી આવેલા લસ્કરની સાથે લડાઇ કરીને આવેલા ગૌરક્ષકભરવાડો લશ્કરી તુરકોએ ગાયોને ઘેરી છે એવી ફરિયાદ રાજાને કરે છે. આ વાત સાંભળતાંજ સુરવીર તખ્તસિંહનાં વીરનીરનાં બિંદુ પોતાના પવિત્ર મુખ કમળ ઉપર ઝળકી ઉઠે છે જેથી પવિત્ર ગૌમાતાઓને છોડાવવા યવન લોકોની સામે યુદ્ધે જવા પોતાની રાણી હંસાને ખબર આપવા જાય છે. પોતાના વડીલ કુંવર વિલાસને નિજ બધું વિજયસિંહને ત્યાં છુપાવે છે. ને નાનો કુંવર હંસાની પાસે રહે છે. પછી હંસા તખ્તસિંહને શુભ સુકન આપી વીરવચનોથી ક્ષ-

ત્રી ટેક જાળવવા વિષે બોધ કરી પોતાના પતિને છુટા મુકે. વધાવી યુદ્ધે જવા રજા આપે છે ને તખ્તસિંહ રણક્ષેત્રમા જાય છે. બાદ અલ્લાઉદીન તથા તખ્તસિહને પરસ્પર દારૂણ યુદ્ધ થાય છે તેમા છેવટે અલ્લાઉદીનની હાર થાય છે. તે વખતે અલ્લાઉદીન ફરેબથી તખ્તસિંહને બેભાન બનાવે છે પછી બધીવાન કરી પોતાની ફોજના સરદારો સાથે દિલ્લી મોકલી દે છે ત્યારબાદ અલ્લાઉદીન પોતે સતી હંસાને પોતાને તાબે કરવા તેના મહેલ તરફ જાય છે. બાદ વિજયસિહના ઘરમા છૂપાવી રાખેલા વડીલ કુવર વિલાસને તખ્તસિંહને કેદ કરી દીલ્લી લઇ ગયા છે, એવી ખબર મળવાથી, વિલાસ, વિજયસિહ ન જાણે તેમ પોતાના પિતાની ખોળ કરવા રત્નપુરી છોડી જગલ વાટે પ્રયાર થાય છે. પછી વિજય અને કીર્ત્તીવત તખ્તસિહ તથા કુવર વિલાસની ખોળ કરવા નિકળી પડે છે બાદ હસા અલ્લાઉદીનને ધીક્કારે છે. અલ્લાઉદીન હસાને ઘણુ દુ:ખ દેછે, તોપણ પવિત્ર હંસા પાદશાહને તાબે થતી નથી ત્યારે ઘાતકી અલ્લાઉદીન તેના કીસોર કુંવર ચદ્રને છાતીમા ખીલો ઠોકી મહેલના સ્થભ સાથે જડી દેછે. ચદ્ર ટળવળી ટળવળીને મરણ પામે છે તોપણ મહાદેવી હંસાએ પોતાનુ શીયળ ભગ થવા દીધુ નહિ છેવટે અલ્લાઉદીને હસાને મહેલના એક ઓરડામા કબજ કરી મહેલ સળગાવી મુકે છે. ને પછી ત્યાથી તખ્તસિહને ફાસી દેવાનો નિશ્ચય કરી દિલ્લી તરફ જાય છે. બાદ બળગતા મહેલના ઓરડામા ઘેરાયલી હસા પોતાની દાસી બહિત સળગ વાટે જગલમા નાસી જાય છે

અંક ત્રીજાનો સાર.

દુખદરીયામાં ડુબેલો તખ્તસિહ દિલ્લીની જેલમા પડ્યો પડ્યો અફ્સોસ કરે છે, ત્યા કવિ કીર્તીવંત આવી પહોચે છે, તે કેટલાક પેરેગીર સિપાઇઓને ઠાર મારી નાખે છે બાદ કીર્તીવત એક ઝાડના ડાળા સાથે દોરડુ બાંધે છે. ને તે વતી પવનના અગુઠા ટેકવી જેલમાં ઊતરે છે. ત્યાંથી તેજ દોરડાની મદદથી બન્ને બહાર નીકળી નાસી જાય છે. પણ માર્ગમા નોખા પડી જાય છે. તે પછી તખ્તસિંહ જેલમાંથી નાશી ગયો એવી ખબર અ-

તુનખાં નામના જેલરને મળતાંજ તે છૂટી પોકે રડે છે ને પછી તે વાત પાદશાહને જાહેર કરે છે. અલાઉદીન આ ખબર સાંભળતાંજ તુરત પોતાની સાથે ખાનગી પોતાના બે ચાર સિપાઇઓને લઇને એકદમ તપ્રસિંહની ખોળ કરવા નીકળી પડે છે. ત્યારબાદ કુંવર વિલાસ જંગલમા નિદ્રાવસ થઇ સુતો છે. ત્યાં અચાનક અલાઉદીનનુ આવવુ. દરમ્યાન કુંવર વીલાસનુ સ્વપ્નામાં બોલવુ જેથી અલાઉદીનનુ કુવરને ઓળખવુ. પછી એકદમ પોતાના સિપાઇઓને હુકમ કરી નિદ્રાવસ કુવર પર પથ્થર ફેકાવવો. પથ્થર ઉપાડતા અકસ્માત સાપનું નીકળવુ ડખનુ મારવુ બે સિપાઇનું મરણ થવું તે જોઇ અલાઉદીનને વધારે ગુસ્સો ચઢે છે. જેથી પોતે સમશેર લઇ કુવરપર ઘા કરવા જાય છે. તે વખત વિજયસિંહનુ અચાનક આવવુ બાદ વિજય કુંવર અને અલાઉદીનનુ પરસ્પર દારુણ યુદ્ધ થાય છે. તેમા અલાઉદીન હાર પામી નાશી જાય છે. ને કુવર વિલાસ તથા વિજયસિંહ કામાવતી નગરી તરફ જાય છે. થોડાવાર રહીને પાણીની પ્યાસથી મુઝાલો તપ્રસિંહ પાણી ? પાણી ? પોકારતો તેજ રસ્તે આવી પહોંચેછે તેને જ ગલમાં કોઇ સ્થળે પાણી મળતુ જનથી ને મહાટળવળાટ કરેછે. દરમ્યાન એક વૃક્ષ ઉપર મોટો વિષધર વિંટાએલો તેના મુખનુ ઝેરી ઝરણુ નીચે જમીનપર પડે છે તે તપ્રસિંહ પાણી જાણી પોતાના ખોબામાલઇ પીજાયછે કે તુરત મરણ પામી ભૂમિપર પડે છે બાદ ત્યા કીર્તીવત આવે છે તે તપ્રસિંહને મરેલો જોઇ અતીશય અફસોશ કરે છે ને છેવટે રાજાની લાસને દહનક્રિયા કરવા કફન તથા કાષ્ટ લેવા જાય છે. બાદ ત્યાં એક વાઘરી આવે છે. તે ઇલમના જોરથી મરેલા તપ્રસિંહને જીવતો કરે છે પછી તપ્રસિંહ ત્યાથી જીવતો થઈ આડે માર્ગે ચાલ્યો જાય છે. તે પછી બળતામહેલમાંથી નાઠેલી દુ:ખી હંસા જંગલમા ભટકે છે તેને કામાવતીનો રાજા કામસિંહ મળે છે તે પોતાની ધર્મ બેન કહીને હંસાને આશ્રય આપી પોતાના મહેલમા પવીત્રપણે લઇ જાય છે પછી કીર્તીવંત એક ઓઇયાચંદ નામના લુચ્ચા વાણીઆને ત્યાં પોતાની વીંટી ગીરો મૂકી કાષ્ટ તથા કફન લઇ જાય છે. બાદ જગલમાં તપ્રસિંહની લાસ નહિં જડવાથી વાણીઆને ત્યા કાષ્ટ કફન પાછાં આપવા આવે છે. વાણીઆની દાનત બદ થાય છે, માટે વિંટી પચાવવાના વિચારથી કીર્તીવંતને માથે ચોરીનું તહોમત ચડાવી પોલીસને સ્વાધીન કરે છે. બાદ

કે આવા હાલતમાં ભુખે મરતો તપ્તસિંહ અન્નપ્રાશન કરવાની ઇચ્છાથી ફરતો ફરતો ઓઇઆંચંદના આંગણામાં આવી પહોંચે છે, તે નીસ્તેજ ચેહેરે છે છતાં ગગન મંડળમા વાદળથી ઘેરાયલો ચંદ્રમાં જેમ પોતાના પ્રકાશના શુભ કીરણો ફેંકે છે. તેમજ દુખી થયેલા તપ્તસિંહનું મુખારવિંદ ઝળકી રહ્યું છે. તે જોઇ હોઇયાચંદના છોકરાની સ્ત્રી કમળા તેના ઉપર આશક થાય છે, જેથી પોતાના સ્વામી તર્કટચંદને ઠાર મારી નાંખે છે. ને તપ્તસિંહને પોતાનો વિરહી પ્રેમ બતાવી તેની સાથે પાણી ગ્રહણ કરવા ઇચ્છા જણાવે છે પણ તપ્તસિંહ એ વાતનો ઇનકાર કરે છે જેથી કમળા ખુનના તોહમતમાં ફસાઇ જવાની ધાસ્તીથી એ ગુન્નો તપ્તસિંહને માથે ઢોળી પાડે છે ને તમાસગીર પૂરજનો તથા પોલીશ ભેગા થઇ જાય છે. બાદ તપ્તસિંહને કેદ કરી કામસિંહની હજુરમાં પકડી જાય છે. બાદ કુવર વિલાસ તથા વિજયસીંહ ફરતા ફરતા કામાવતી નગરીની ભાગોળે આવે છે પણ દરવાન તેમને શહેરમાં દાખલ થવા દેતો નથી. જેથી વિલાસ કુવર તેને રૂસ્વત આપી વિજયસિંહ સહિત નગ્રમા દાખલ થઇ કામસિંહની પુત્રી સુંદરબાળાના સ્વયંવરમાં જઇને બેસે છે. ત્યા કામસિંહે એવો ઠરાવ કરેલો છે કે આ સ્થંભની ઉપર ફુલ છે તેને બાણની એકજ ચોટમા કોઇ ક્ષત્રીવીર ઉડાવી દે. તેને હું મારી કુંવરી સુંદરબાળાને પરણાવીસ તે ફુલ કોઇથી ઉડતુ નથી ને વિલાસ કુવર તે ફુલને હેઠુ પાડે છે જેથી કામસિંહ વિલાસને પોતાની પુત્રીનો હસ્ત સોંપે છે ને પોતાનુ રાજપણ તેનેજ અરપણ કરે છે ત્યાં રાજ્યાભિષેક કરતી વખતે તિલક કરાવવા સતી હંસાને લાવે છે. દરમ્યાન તપ્તસિંહના આખા કુટુંબનો મેળાપ થાય છે ને ચંદ્ર જીવતો થાય છે. બાદ હોઇયાચંદ નામનાં લુચ્ચા વાણીકને તેની બદ નેયતનો બદલો મળવો. કુલટા સ્ત્રીને પોતાના પતીપર અભાવ લાવવાથી પાપની સજા ને જુઠી સાક્ષી પુરનારને જેલજાત્રા થાય છે.

પાત્રોના નામ તથા સંબંધ.

પુરૂષ વર્ગ.

તપ્તસિંહ..................રત્નપુરીનો રાજા.
વિજયસિંહ ....તપ્તસિંહનો ભાઇ.
કવિ કીર્તીવંત.............તપ્તસિંહનો નીમકહલાલ દશોંદી.
વિલાસ તથા ચંદ્ર........તપ્તસિંહના કુંવરો.
ગંભીરસિંહ ....ગંભીરા શહેરનો રાજા.
અલ્લાઉદ્દીન................દીલ્લીનો પાદશાહ.
કાફુરખાં ... . .અલ્લાઉદ્દીનનો વજીર.
મુસ્તફાખાન ....અલ્લાઉદ્દીનનો લસ્કરી સરદાર.
કામસિંહ.................કામાવતી નગરીનો રાજા.
ઓઠંઆંચંદ. ....કામાવતીનો લુચ્ચો વાણીઓ.
તર્કટચંદ...................ઓઠંઆંચંદનો છોકરો.

સ્ત્રી વર્ગ.

હંસાકુમારી...............ગંભીરસિંહની પુત્રી
ગુણવંતી. .... હંસાની દાસી
સુંદરબાળા.. ....કામસિંહની પુત્રી.
લાલન ....ગંભીરા શહેરની કુટણી માલણ.
કમળા.. ....તર્કટચંદની બાઇડી.

કાજી–પ્રધાન–દરબારીઓ-વિદુષક–કંચનીઓ–શીપાઇ–લશ્કર દાશ–દાસીઓ–ચોપદાર–ચાકરી વીગેરે.

હંસાકુમારી નાટકના
ગાયનો.

અંક પહેલો.

બાળકીઓ— ૧

શરણું શ્રી ઘનસ્યામજી, તવ લૈને મમ શીશ,
પ્રારંભ કરૂછુ નાટયનો, લજ્યા રાખજો ઇશ;
પ્રાશ્ચિત જે મમ હોય તે, અવીનાશી કરનાશ,
બીર્દ વિચારી નીજનુ, પૂર્ણ કરો મમ આશ.

બાળકીઓ — ૨

શ્રી ગણપતીને નમન કરીએ. (૨)
ચરણે તમારે છીયે બાળક, પાળક સરણે લેજો,
જાણી દાશ પુરો આશ વિનતી કરીએ શ્રી.
શંભુ સુત પૂર્ણ કરો કામ, હમને તમારી છે હામ,
રટીએ સદા આપ નામ, દુ ડાળા દેજો વિશ્રામ,
રમક ઝુમક ઘુમ પાયજ ધરતા, ઘુમ છનનક તકધિના
ધિધિકિટ ઢિતા, તકધિલાંગ ધિધિકિટ ઘુમ ફરીએ શ્રી.

દરબારીઓ— ૩

સાહે કરો મોરલી ધારી, આ નૃપને હરદનકારી.
શુમતિ આપો હે ઘનસ્યામ, કુમતિ ટાળો દઇ વિરામ,
પુરો એના મનના કામ,
સુખ સાતા, ધો ત્રાતા છોદાતા, પિતુ માતા,
પ્રેમ ભરતા,
ધર્મ નિતિ ધારીરાય, નેક નામ મત્સ ન્યાય,
અજા વાઘ ભેલા ખાય, ઢીજ ધેનુ તણા સાહે,
છો સુદ્ધ વિરનર, ધીરધર જયકર પ્રીયકર સુખકર
નટવર ઇશ્વર વદે ચરણમા દરબારી આ નૃપને

કિર્તીવંત— ૪

જસે ભુપ તું બહોત વિખ્યાત થાજો, સુણી ગર્જના શત્રુનો નાશ થાજો,

અતિ જોશથી જે ધડી હાંક વાગે, જેસો નિંદમેં સોએસો સિંહ જાગે.
પ્રજાપાળ દીન દયાળ ભુપાળ ભારી, અખીલ વિશ્વમાં કિર્તી ગાજે જ તાહરી
ધરી સુર અરીપુર આખું હઠાવે, મુણીજન જ્ઞાનીસેં પ્રિતિ મઠાવે;
કથે કિર્તિવંત કુળમાં છોજ દીવો, અચળ રાજ કરી અકળમતી ભુપ જીવો.

તખતસિંહ— ૫

નથી શું જગતમાં સુરા રાજવીરો (૨)
જશે મ્લેચ્છ હાથે શું બાળા શગીરો. નથી.
સુતા રજપુતો તણી મ્લેચ્છ માગે,
અરે હાય સુણતાં પડે પેટ ચીરો. નથી.
મુછાવી નથી મુચ્છ નથી હીંચકારા,
નથી પહેરી ચોળી છે રજપુત નીરો. નથી.
જોઉંછું જઇને હવે સહેર ધંભીરા,
હરે છે ત્યા હમા કીયા રણ ધીરો. નથી.

લાલન— ૬

આતી મે જાતી ખાતી બીડા પાન;
અયેસે પ્યારેપે મેં જાવું કુરબાન. લાલન મેરા નામ,
મે હું રંગીલી માલનીઆં (૨)
હાથોમેં ટોકરી ગુલાબકી છડી. ભરી તો બજારમેં
ધુમતી ચલી, કરૂં, સબકું ગુલતાન (૨) મેં હું.
જોબનકા બહાર ખુબ નખરા કમાલ,
રૂમક ઝુમક ઘુમ ચલતી હુ ચાલ, કયસે હયે ગોરે ગાલ (૨) મેં હું.

મુસ્તફાખાન— ૭

ઇલાજ કુચ્છ નહી ચલતા હયે, અબ કરના કયા બીચાર.
ઇજત મેરી જાયગી યા પરવરદીગાર. ઇલાજ.
પહેરા હયે મજબુત રજપુત લોકુકા ઇધર;
મુરાદ હાંસીલ કયસે પાવુ હો ગયા બેજાર. ઇલાજ.

લાલન— ૮

ધરદો પેસા પ્યારે ધોકા મત રખો દીલદારે,
કરદઉંગીમેં બે કરારે, દીજે અસરફીઆં દીજે અસરફીઆં.
લાલન મેરા નામ પેસા લેકે કરતી કામ,
ધરદો કીયા હયે જો દામ, સુની લીજીએ મીયાં સુની લીજીએ મીયા.
જલ્દ નીકાલો, ડરકો ડાલો, કંજુસ મત હો, અસરફીઆં દો,

નખવો વાડી, મીલાવુ વાડી, ધરસે જાવો મઝા ઉડાવો ધરદો

લાલન— ૯

ચલો જલદીસે પ્યારા, લે જાઉં મે તુમકો દીલદારા ચલો
રખના દીલમેં પુરી હામ, (૨) મીલા દઉંગી દીલારામ,
લે જાઇએ આશમાનકા તાગ, પ્યાગ મોરા લે જાઇએ ચલો
રહેના સ્વપ્વરમે છુપ, (૨) જાના ઇધરસે ચુપ ચુપ,
હોના મત એક એકસે ન્યારા, ઉઈ, ઉઈ, હોના ચલો

સિપાઇઓ—વ્હા લાલનકા નખરા, દીલકુ હગારા એ પકડા,
કયેસી નરમ નરમ ચાલ, (૨) કયમે ગોરે ગોરે ગાલ,
અજબ ઉમીકા યે નખરા, ઉઇ, ઉઈ, અજબ ચલો.

કંચનીઓ— ૧૦

આહા શી બની શોભા મંડપ તણીરે,
રસીક રૂડા જડયા હીરમ મણીરે,
માળીડે તોરણુ બાંધીયારે, મોતીના ઠામો ઠામ,
હીરા માણેકને રત્ન જડીયા, કનક ચોક તમામ,
સ્વર્ગ ભુવન સમધામ, અજબ કરીગીરીનામ,
ઈંદ્રપુરી છે તમામ, દેખી પહોચે દીલની હામ,
સ્થભે સ્ફાટક મણી, ચુનીઓ માંહે ચણી,
છે રસીક સોભા ઘણી, મંડપ તણીરે આહા
નૃપ પધાર્યા દેશોદેશના, જાણે કેશરીઆ કાન,
એક એકથી છે અધીક રૂપાળા, બહાદુર બંકા નીશાન,
ચૌદ વિધા ગુણવાન, સુંદર થયા બીરાજમાન
જોડી હંસાબા સમાન, થાસે હસે ભાગ્યવાન
હંમા બા બની ઠણી, ભાળે છે ભુપ ભણી
છે ઉમેદ વરવા તણી, મંડપ તણીરે આહા

સખીઓ— ૧૧

આવો આવો ફુલડે વધાવો વધાવો સાહેલીઓ, વધાવો
વધાવો અલી આવો (૨) આલીરી આવો આવો આવો વધાવો,
સાહેલીઓ .... આવો.
લાવો મોતીની માળ (૨) આરોપે સતી બાળહા, (૨)
ઉમંગે સુરંગે આનંદે લ્યો લ્હાવો વધાવો વધાવો સાહેલીઓ આવો

હુસા— ૧૨

પ્યારા પીયુ વધાવુ રે, (૨)
સુંદર સ્વયંવરની અંદર અરપુ છુ વરમાળ. પ્યારા.
વધાવુ મોતી થાળ, મારા પ્યારા અરપુ પુષ્પમાળ,
હર્ષ લાવીરે, હર્ષ લાવીરે (૨) પ્યારા.

સર્વ સભા— ૧૩

જય જગત ધારી, કીધી જયકારી,
સરસ ભીન ભીન, સુજ્ઞ સજન મળી,
અતી આનંદ ઉર ઉભરી, જાય છે ઢળી,
તક ધીલાંગ તક ધીલાંગ ધાંગીકિટ
ધાંગીકિટ વાકુટી તાળ વાજે ન્યારી ન્યારી જય.
સુંદર રાગ સુર, ગાય મધુર ગતી,
મીઠી મૃદંગ રંગ વાજે અદ્ભુત કૃતિ,
છોમ છનાક છોમ છનાક છીંછી છક છીંછી છક ઘુમકઘુમ નાચે
નટ ધારી . . .. જય.

સર્વ— ૧૪

સર્વ—ફટકારો આ વાર સૌ ગળી માગે માર, હા ફટકારો
કરીમખાં.-રસુલખાં—અરરર બસબસ,
સર્વ—ખબરદાર રહે ચુપ . ફટકારો.
કરીમ-રસુલ—એમરે માવડી,
સર્વ—ચુપ ચુપ ચુપ ચુપ,
કરીમ-રસુલ—ઇધર આવો મુસ્તફાખાન,
મુસ્તફાખાન કાહે ઇધર ચુપ હેવાન ફટકારો
કરીમ-રસુલ- માફ કરો અબ ઓર,
સર્વ—ચુપ કર નાંધા મત કર સોર
કરીમ-રસુલ - અરરર બસ બસ બસ બસ બસ,
સર્વ—કયુજી હોનેહો ફસફસ,
કરીમ-રસુલ—અરે આવો ઇધર સરદાર.
મુસ્તફાખાન—ચુપ કર કહા હે ચુપ માર,
કરીમ-રસુલ—અરે આઓ આઓ તુમ યાર,
મુસ્તફાખાન—નહિ દેખા જાતાહે માર,
કરીમ-રસુલ—દેખો બડા ખડા હે મલ,

મુસ્તફાખાન—અરરર અલ્લાહ દે ફજલ,
કરીમ-રસુલ—દોડો ઉસ્કો અબ સજા,
મુસ્તફાખાન—હાય આય પડી કજા,
તખ્તસિંહ- લાવો પકડીને આવાર,
મુસ્તફાખાન—ઓહ યાદ પરવર દીગાર.
સર્વ—ફટકારો આ વાર સો મળી મારો માર, હા ફટકારો.
મુસ્તફાખાન-કરીમ-રસુલ—બસરે બાવા,
સર્વ—ફલજ આવા
મુસ્તફાખાન—અલ્લાહ તોબા,
સર્વ—દયો ખુબ ચોબા,
કરીમ—રસુલ—હલકે બાવા,
સર્વ—દયો પસ્તાવા,
મુસ્તફાખાન—હલકે મારો મેરી માવડી,
સર્વ—અબ કયુ હોતા ગરીબ ગાવડી, ફટકારો
તખ્તસિંહ—ચાબુક ખોલો,
સર્વ—સચ્ચા બોલો,
મુસ્તફાખાન—લાલનને દાખીલ કીયા હે બાવાજી દાખીલ કીયા હય (૨)
તખ્તસિંહ—કાનસી લાલન,
મુસ્તફાખાન—જોહે માલન,
સર્વ—કહા ખડી હય,
મુસ્તફાખાન—કરીમ—રસુલ—ગેહ પડીહય,
સર્વ- ફટકારો આવાર સો મળી મારો માર, હા ફટકારો
સર્વ—કેમ પાપણી આમ કર્યું તે,
લાલન—માફ કરોને જખમારી મે,
સર્વ—અરે દુષ્ટણી આશુ કીધુ,
લાલન—જાણી જોઇ દુઃખ હોરી લીધુ,
સર્વ—મારો જોરથી એ રડાને,
વિદુષક—શુ જુવોછો લો ડડાને.
સર્વ—ફટકારો આવાર સો મળી મારો માર, હા ફટકારો
હંસા—સખીઓ,— ૧૫

કાના બસી સુણીને સુધ વિસરીરે લોલ,
વીણાં નાદથી વીખાઇ કુતો સુસરીરે લોલ. કાના.

તારી મોરલીની તાનભાન ભુલવેરે લોલ,
મીઠી મુરકી આનંદ સુખ મુલવેરે લોલ. કાના.

સાખી.

મોર મુગટ શીરપર ધરી, કંઠે મુગતા માળ,
બીંન્દાબીન્દ કે કુંજમેં, નૃત્ય કરે નંદલાલ,
નાચો તકથૈઇ, તકથૈઇ, થૈઇ, સાહેલીઓરે,
રૂડા લટકા કરીને અલબેલીઓરે. નાચો.
યમુનાને તીરે રાશ માંડયો રંગીલે,
રમવાને કાજ હું તો નીસરીરે લોલ કાના.

સાખી.

સોળે શણગારો સજી, ચાલો ચતુરા સાથ,
દરશણ કરવા પ્રેમથી, જ્યા છે અક્ષય નાથ,
નંનદકુંવર સંગ નૃત્ય કરી, રાશ ક્રીડા કરી પ્રેમ પીશુ,
પીચકારી ભરી કેશર કુમકુમ, નટવર લાલ રીઝાવોરે,
ચાલો સૌ ચાલો સખી, નવલ ચીર પહેરી, રીઝાવો લાલ લહેરી,
બંસી સુણીને સુધ વીસરીરે લોલ. કાના

સખીઓ— ૧૬

આનંદ થયો આજે (૨) સાહેલી મોરીરે. આનંદ.
હંસાકુમારી ગણી થયાં નૃપની પટરાણી,
એ પ્રસવ્યા બાળ રસાળ, છે રૂપ અતી રઢીઆળ,
જાણે પ્રગટી જયોતી ઝાળ વાજીંત્ર રૂડા વાજે. આનંદ.
ભાગ્ય ભાનુ પ્રગટયો આજે થયા માહારાજાના કાજે,
છે અંગ ઉમંગ અપાર દીપી રહ્યા રાજ દરબાર;
સૌ સોક ટળ્યો આધાર, ગંભીર નાદ ગાજે. આનંદ.
માહારાજાએ જનમ્યા ભારી, પ્રસારી છે કીર્તિ સારી,
છે તપ્તસિંહ બલીહારી, હીમત મનમા બહુ ધારી,
લઈ આવ્યા જઇને નારી, મંગળ કાર્ય આજે. આનંદ

તપ્તસિંહ— ૧૭

સરકાર કરે છે શું પ્યારી, જાગે છે કે નિદ્રાધારી,
મુખવદો મીયા મુજ સુખકારી જેથી ઉપજે આનંદકારી. સર
મુખ નીરખી વ્હાલા કુંવર તણું અંતરમાં આનંદ પામું ઘણું,

જીંદગી મુજ એથી સફળ ગણુ, અલગા નવ ગણુ એક ક્ષણુ,
શ્રી ગોપાળ ગુણુ મુખેજ ભણુ, થયા તૃપ્ટ દીલે દયા ધારી સગ.

હંસા— ૧૮

ઝુલો ઝુલાવે કોડીના કુંવર પારણું,
વ્હાલા વીલાસ ચંદ્ર ફેરી મારી જોડ,
પોઢાડ્યા કોડ કલોલ કરતા દેખી,
લાડકવાયા બાળને, અ લો લો લો, હાલ્ય હાલ,
અ લા લો લો હાલ્ય હાલ ઝુલો.

નરસિંહ— પ્રેમ વિલાપ

હંસા— તારા બાપુજી બોલાવે જો જેન બાળકા,
ઓ હયો રમાડવાને લાડકડાને નાથ,
ઓ હ્યો કુંવરને રમાડો
નાખો નાખો એની મુચ્છે બેઉ હાથ,
હાલા ખેચ ખેના ઔમની મુચ્છો ખેચ
ગાવુ હાલરડા કુવરને રૂડા ગાન, હાલ, હાલ,
અ લો લો હાલ્ય હાલ્ય ઝુલો

સાખી.

હસત મુખડુ મલકતુ, અધર ગુલાબી રંગ,
ગડ કોકીલ શબ્દથી, ઉપજાવે આનંદ ઝુલો.

હંસા— ૧૯

આવો આવોને અલબેલા વ્હાલા પ્રેમથીરે,
પ્રેમથીરે ખુશળ ક્ષેમથીરે આવો.
નીર્મળ જળ જમનાના લાવુ, પ્રેમ થકી પીયુને નવરાવુ,
ચંદન પુષ્પ ચઢાવુ, નીત્ય નેમથીરે. આવો.
બત્રીશ પાક બન્યા છમાછમતા, લહેજત લશો પ્યારા જમતા,
સુંદર જળ મન ગમતા, શીતળ હેમથીરે આવો
સેજ પલંગ બીછાવુ સારા પોઢાવુ પ્રીતમને પ્યારા,
નેણ તણા છો તારા, રીઝો રહેમથીરે આવો

અંક ૨ જો.

દરબારીઓ— ૨૦

અયે સરવર બરતર તુમપર પરતર મેહેર કરો હરદમ.
હો ચમન, તનમન, મનનન,
ગુલકી ગુલ ભરી, મોજકી સરફાગે, દીજીએ ખુશકારી,
દીલકી હુશીયારી પ્યારી પ્યારી મઝે દારીકા ગમ અયે.
નુરસેં હુશેન અમન ચમન, બદામે ખુબ બને રહો,
ખુશનુમા રહો
સારેગ–રેગમ–ગમપ–મપધ–પધની–ધનીસા,
સાનીધ–નીધપ–ધપમ–પમગ–મગરે–ગરેસા. અયે

કીર્તિવંત— ૨૧

હોશાહપે ખુદાકી મેહેર, બડો જીસકો દીલ્લી શહેર,
દેખનેકી બડી લેહેર, ધામ બડો બીસાળ હયે,
દુસ્મીનકો દળ હરાવે, લડાઇમે ફતેહ પાવે,
કાયર દેખ ભાગ જાવે, એ શોખીવજી બીકાલ હયે;
દેખ્યો કુતુબ મીનારો, કામજીમકો બોહોત સારો,
રાજ્યકો અચ્છો સુધારો ખીલજી તખ્ત તાલ હયે;
કહે કવી કવી જન. સુનો સબ સભા મન,
સબ બાતમે પ્રવીન, દાને દીલ્લી મહીપાળ હયે.

કીર્તિવંત— ૨૨

દેખા મયેને બહોત દેશ, કીયા શહેરો શહેર એશ,
દેખે હય બડે નરેશ, બડે રાજ્ય ધામમે,
નૃપ સબલે પીછાન, મચ્ચો મયને કીયો બીઆન,
નહિ તખ્તસિંહ સમાન, કોઇ પુરી હામમે,
દેખા મયેને બહોત ધામ, પહેલવાનો કે પેખે કામ,
મગર તખ્તસિંહ કામસે, તો હદ કુછ હયે.
દુસ્મીનકા દીર્ઘ કાળ, ગય હયે બડા વિશાળ,
કેશરી સમાન ફાળ, રૂપકી તો કુછ હયે.

કીર્તિવંત— ૨૩

ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ, દીન દુ:ખ ભંજન દયાળ,
દુષ્ટકો કરે બે હાલ, એશો ક્ષત્રી નીર હગે,

નીજ ધર્મકુ દેવે પુષ્ટી, યુદ્ધ નરોકી ઉડાવે સુસ્તી,
કેશરીમે કરે કુસ્તી, એસો રાજ શુરવીર હયે.

કીર્તિવંત— ૨૪

ચહાયનો ભુમીમેં ગાડ, ચહાય શીશ ધડસેં પાડ,
ચહાય જીવ દેહ છાંડ, ચલે સ્વર્ગ સ્થાનમે
ચહાય મેરા કરો ખુન, ચહાય લોતચાકુ ચૂન,
નોબી નહિ નાથ ગુન, ચુકને હારા જાનમેં;
કભી મેરા કાટો શીર, કભી મુજે દાલો ચીર,
કભી મારો તીરતીર, તો નડગું સતયસેં.
સાવધ રહો પલછીન, સુનો શાહ અલ્લાઉદીન,
કંપુ ન હોગો આધીન, એસો તપ્ત મનહે

કીર્તિવંત— ૨૫

સાહબામ હય સુરવીર, દેખો શાહઉનોકા નીર,
ચૌહાણુ કુળમેં સુદ્ધવીર, ક્ષત્રી ટેક રખો હે;
દેખો સબ ઉનોકા કામ, કર સકે નકોબી હામ,
જીને મોટા સગ્રામ, એશો નૃપ થકયો હય.

કીર્તિવંત— ૨૬

લાના સગ ફીરાજપુર, તોડના દેવલ જરૂર,
દેખના વ્હો ક્ષત્રીનુર, અચળ રહેનાં બચનસે,
ભીડના ઉસીસે બાથ, દેખના ઉનોકા હાથ,
સબ દીલ્લીકુ લેકે સાથ, આના બેગ પવનસેં;
પૃથુરાજને શાહબુદીન, કીયો સમ બપ્ત આધીન,
યાદ રખના ઓહીચીન, પાવેગા વ્હો હાલકુ,
ક્ષત્રી અકુર હરના, યુદ્ધમે બીજય કરના,
મૃત્યુસે નહિ ડરના, દેખના વ્હો કમાલકુ,
દેખના વ્હો સીહણુ પય, હોના મત પરાજય,
કરના યુદ્ધમે બીજય, સાવધ રહેનાં માનસે,
કહે કવી કીર્તિવત, લેગો તપ્ત તેરી ખંત,
આયગો વ્હાં તેરો અત, મારા જાયગા જાનસેં;

છોકરાઓ— ૨૭

ચાલો ચાલો સરખા સાથીઓ સહેલ કરવા,
પ્રેમ હરવા, મન ઠરવા,

અતિ આનંદ સિંધુ તરવારે હો તરવા. ચાલો.
થાળી વેચીને પણ સહેલ કરવી, ધન ખુટે થવું વેરાગીરે,
હાલમાંતો ચમચમતા ખુટે, ચાલો કરી વરણાગી.
રે ચુપ શુ વદે અવિચારી,
છે ઇસ્કમા એવી ખ્વારી,
એ મોજ છે બહુ પ્યારી પ્યારી રે હો પ્યારી. ચાલો.

ચંદ્ર— ૨૮

✓ ગોટપીટ સોટપીટ ગપ્પા મારી, થઇ પ્રમાણીક ફરતારે,
નામ ધરાવે સાહનુ જગમાં, તસ્કર કારજ કરતારે. ગોટપીટ.
સુધરેલ સાહેબ ન દીસે એબ, વાત આકાશ પાતાળીરે,
જાગ વીજાર કરે ઘર બેસી, ગુથે પ્રપંચ જાળી ગોટપીટ.

સાખી.

✓ મન મેલા તન ઉજળા, બગલા કપટી અંગ,
તાસે તો કાગા ભલા, તનમન એકે રંગ,
પાટલુન પહેરી કોટ ચઢાવી પુષ્કળ રોપ બતાવીરે,
ગરીબ ગરબાઓને રીબાવી, ખાતા ધન સતાવીરે ગોટપીટ.
ડોઝ વાઇનનુ ખુબ ચઢાવી, ચીરોટ મુખપર ધારીરે,
બાબા મુખે કહી બાળાને, કરતા ને સગ જારીરે ગોટપીટ.

ભરવાડાઓ— ૨૯

એ ઉભારો બાપલા અઈ, માર ખાઇ ખાઇને કેડ બામી ગઇ,
આવ્યો અલાદીઓ આપણે હીમાડે, ઘેરે છે ગાયોને બહુ ધુમ પાડે,
હાય ઉઠે લ્હાય કરો માહય, આવીરાય, હાય ઉગારો આવીતંઇ. માર.
દોડયા છોડાવવા હમે ગાયોને, મારી કાઢયા હમ હંધા બાઇઓને,
વાત સૂણો નાથ તેની હાય બાથમબાથ, બઙ કીધી તે હામાયેઇ. માર.
એહી રહ્યા હુ ઉઠોને હુરવીર, મારો મહલમાનને જઇને તીર,
આપ રાખી માપ ઉઠો બાપ આ હતાપ, બહુ ચાલોને લહકર લઇ માર.

નરસિંહ— ૩૦

અસીએ અરીને વિદારૂં, રીપુને રણમા સોહારૂં,
ધડથી ઉતારૂં શીશ એજ તુરકોનાં, તહીં ભુમી પછાડુ. અસીએ.
કટક ઝટકમા કાપુ કુર થઇ, કેસરી જેમ અજાહળ મહી,
ધાવું રણમાં ધીરવીર થઇ, સત્રુને માર સમીપ રહી,

ઝટપટ જાવુ, વિજય ગજાવુ. સ્નેહ પાવું, ધેનું છોડાવું,
જે જગ જનુની માતા છે, જેનાથી સુખ સાના છે,
જે સૌને પય પાતા છે, જે શકતી વર દાતા છે,
તેને શું એ તુચ્છ ઘેરે, હાય હાય સાંખી રહુ શુ એ દુઃખને,
ધિક્કાર ધિક્કાર તવ પડી માત કુખને,
પ્રાણુ લઉં પાપીઓનાં, કરી સ્યામ મુખને,
ઉડાવુ ઉડાવુ શીશ રીપુના, રૂધિરની શરીતા ચલાવુ અશીગે.

વિલાસ-ચંદ્ર— ૩૧

કેમ બેશી રહુ ડરીને, મારૂ અંગને કોમળ કરીને,
હાય પીતાજી આવ્યા ભળ્યા કેમ.
કેમ જોઇ રહું માત ધેનું પરમાર, ઝટ જઇ ઝડપથી કરૂ તેને ઠાર,
ટુકે ટુકે તે કરીને. કેમ
વેર વેર લઉં નહિ છોડુ જ લગાર, ઝટ તેને કાપી નાખુ કાઢી તરવાર,
ભગાડાવું ઝટ આ આ આ કેમ.

વિલાસ-ચંદ્ર— ૩૨

હમે આવીશુ રણુમાંગે, બાપુ લડવાને રણુ સંગ્રામ,
આ તો અલાદીઓ ગાયો શુ ઘેરશે, તો તો તમારૂ જાય નામ હમે.
આહાણુ કુળમા સુત થીએ સિંહના, હરી બેસી શુ કેમ ઠામ, હમે

ભરવાડ

શાબાશ શાબાશ માગ સુરવીર હેડીઆ, પાકયા સો રત્ન બે નામ,
આવો બેહો ખંધોલેગે, તમને પહોચાડીઓ તમારે ધામ હમે.

હંસા- ૩૩

કદી આ તન કાપી, કરે કોઇ કટકા અતી બળે,
કદી ત્વચા ચુંટી, અતી દુઃખ આપે કોઇ ગ્થળે,
કદી રોમે રોમે અની શળ પરોવે કોઇ કળે,
તોએ નીજ સત્ય ચૂકી, સાચી સતીઓ ન ર ચળે,
કદી છુંદે બાલે, કદી દેહ હીમાલય ગળે
કદી અગ્નિ કહથી, ભલે આકાયા પ્રજ્વળે,
કદી કુ મરણુ થાયે, કદી કોઈ કપટથી છળે,
સતી સાચી છે તે, ડગે નવ મનથી કો પળે

હંસા— ૩૪

પીયુ પાછા કદી નહિ પડજોરે શત્રુ સામા ખુબ લડજો
સીંહ સમાન સુરા પીયુ મારા, અજાદળમાં ટુટી પડજોરે શત્રુ.
અશ્રી ગ્રહીને હસ્ત તમારે, અતી બળથી યુદ્ધ કરજો રે, શત્રુ.
પગ પાછો નવ દેશો દળમા, ક્ષત્રી તણે ટેક ચઢજોરે. શત્રુ.

વિલાસ— ૩૫

થયો દગો દળમાહે, પિતાપરે, (૨)
સુણી ચકીત ચીત થાઈ, પિતા.
કલગીમા કાઇ કપટ કરીને,
ભાન ભુલાવ્યું ત્યાંહી. પીતા.
કબજ કરી અરી, જનક મારાને,
દીલ્હી તરફ લઇ જાય પીતા

હંસા— ૩૬

ધીક ધીક પાપી તુજને ચંડાળ,
આવીને ફાવીને નીચ ફંદામા ફસાવી મુને,
હરામી નીમા નકર ઠીક કહું છુ તુજને. ધીક ધીક.
માફ તુને મુજ સ્વામી દેછે, તેનો આ બદલો તુ લે છે,
યુદ્ધમા તુ ગયો હારી, તુથી તો નારીઓ સારી,
ફાતડા ફજેતી તાહરી, કીધી મુજ કંઠે ભારી.
ટળ ટળ એ બુજરે ધીક ધીક.
ચામ પુતળી છે આ જગતમા, સૌને એક પ્રમાણ.
જેમાથી તુ જનમ્યો તેના, જેવી મુજને જાણ. યુદ્ધ.

ચંદ્ર— ૩૭

માજી આ શીદ મારે છે વણુ તાકે મને, કેમ નથી કરતી તુ મારી વાહરજો
વારતી નથી કેમ એને તુ માવડી, કેમ થઇ બેઠી છે તુ લાચારજો. માજી
છુ તન લાડકવાયો હું માજી તાહરો, બચીઉ લેતી અંતર આણી વહાલજો,
તે આજે કેમ ભુલી ગઇ ઓ માવડી, છોડાવ આશત્રુથી આણેઠારજો. માજી

હંસા— ૩૮

રડના વહાલા ચંદ્ર માહરા, છાનો રહે મુજ પ્રાણ,
પ્રાણથી છો પ્યારા મારા, છાનો રહે મુજ પ્રાણ. રડના.
તુજ માતુનાં શીયળ રક્ષણમાં તુ આવે કામ,

છાનો રહે આ જગમાં થાશે તારૂ અમર નામ. રડના.
વય છે છોટી વહાલા મારા, શુ શીખામણ દઉં,
સ્વાધીન થા સમશેરને, લાચાર થઈને કહુ રડના.

ચંદ— ૩૯

હુ બાળક પણ સીંહણનુ, નવ જાણીશ રંક હરણનુ રે. હું બાળક.
ગજ દંતો પળમા પાડું, આતરડા ખેંચી કાઢુ રે. હું બાળક.
વજ્ર નાનું હોય પણ, તે પહાડ મોટા પાડશે.
દીપક નાનો બાળ પણ, અધારને નસાડશે,
બાપીને મારે છે બાયલા મુજને, ફીટ ફીટ છે ફાટડા તુજને,
ચોપ, ચોપ, ચોપ, ચોપ, ચોપ, પાણી ખોયુ તુજપણનુ હું બાળક.

અંક ત્રીજો

તામસિંહ— ૪૦

દશા શી થઇ આ મારી, આહાહા કેવી ખ્વારી,
મરૂ છુ વન વિશેરે, તલસતો ભારી ભારી,
નથી બચવાની બારી આહાહા કેવી ખ્વારી દશા.
હશે ક્યા દેશ મારો, ક્યાં હશે પુત્રોને પ્યારી,
પડ્યા દુઃખ દરીએ ભારી, આહાહા? કેવી ખ્વારી દશા
કરમાએ પ્રાણુ મારો થયા યમ તુ નાશ કારી,
અંત સરણે મોરારી આહાહા કેવી ખ્વારી દશા

વાઘરી-વાઘરણ— ૪૧

રાજુડી—ઓય ઓય મરી ગઇ માડી મારે
વાઘરી—લેલે રાડ હુઅ ઠીક થારે ઓય ઓય
રાજુડી—ઓય માડીરે,
વાઘરી—બાપુ છાનીરે,
રાજુડી—તને આવે તરીઓ તાવ,
વાઘરી—લો જાવા દે ભુંડી આવ,
રાજુડી—જાજા મુને ન હતાવ,
વાઘરી—તુને લાગુ હવે પાવ,
રાજુડી—તુને શીકોતેર ખાય,
વાઘરી—તુને મેલડી ભરખી જાય. ઓય ઓય

હંસા— ૪૨

સ્વજોડ વિના સુંદરી, નવ સોભતી જરી,
ઈંદુ વિના રેન જેમ, સામતા ભરી સ્વજોડ
આહા? નવ સોભની જરી, આહા નવ સોભતીજરી સ્વજોડ

સાખી.

માનસરોવર જળ વીના, નૃપ વિણુ નગરી જેમ,
પડીત વિદ્વતા વિના, ધન હીણુ દાતા તેમ,
સેજ સ્વામીનાથ વિના, ડંખે થેઇ અરી,
કાન્ત વિણુ માન્ન ન થવાયરે જરી સ્વજોડ

હંસા— ૪૩

સુણો ભાઇ વાત તમે મારી, (૨)
છુ દુખી નારી, છુ વખા મારી,
આવી આફતજ શીર હમારે, હાય અતી ભારી સુણો.
નાથ મારા વીણુ અનાથ થઇ પડી છુ,
હાય, હાય, હાય, હાય,
સુત મરાણો લાડકો મારો, (૨)
થઇ છુ નોધારી અરેરે થઇછુ નોધારી. સુણો.

સાખી.

ફુલ સૈયામા પહોડતી, રંગ મેહેલ રહેનાર,
તે અત્યારે વન વીશે, રઝળે ઠારો ઠાર,
નૃપની છુ નાર, પરીવાર, ઘરબાર,
થયા ખ્વાર, રે, હાય. હાય, હાય,
થઇ ગઇ ખ્વારી, હાય હાય થઈ ગઇ ખ્વારી સુણો.

કમળા— ૪૪

✓ કરમે કજોડુ હાયરે, જે નારીની જોડ હોય ન્હાની,
બાળા તે બનમે દીવાની. કરમે.
ખીલી જુવાની કે થૈને મસ્તાની,
આમ તેમ જોઇ કોઇ રસીયો રંગીલાની,
પ્રેમ રસ પ્યાલો પીવાની. બાળા.
ગ્રસે જોબનકે, ફરશે બે બાની,
ગંજુસે ન નીજ ભારની લાભ હાની,
કરશે વીરહ ગોષ્ટ છાની. બાળા

તરકટચંદ—પા મને પાણી પછી ગીટ ગાની,
કમળા—જાજા ગમાર ધુત્ત અહીંથી દુર થાની
તરકટચંદ—એ બાપાડે, માડે છે માની. બાળા.

તપસિંહ— ૪૫

નજર કરો હે નાથજી, આ સમય કઠણ છે સ્વામી,
ઘટઘટના છો જાણ, વદું શું બહુ નામી,
તમે તારી અહલ્યા નાર, વ્હાર ગજની કીધી,
થયાં બળીનાં દાશ, છડી નીજ કર લીધી,
વળી પડયો કષ્ટમાં કીડ ઉદર તેનુ ભરતા,
રમતું ગર્ભમાં બાળ, છાય તેની કરતા,
હું પામરની નાથ, વીનતી ઉર ધરજો,
ભાંગી ખટ અપવાશ, અન્ન ભેળા કરજો,
સુજને દેતા મોરાર, નવ ખૂટે તુને લગાર,
છે તારો એક આધાર. નજર.

કમળા— ૪૬

કેમ કેમ નાસો છો નટવર મારા,
પ્રેમ પ્યાલો પીયો પ્રાણુ પ્યારા,
બાણુ નેનોના વાગ્યા તમારા,
છેદ પડયો કલેજામાં મારા. કેમ.
ખીલી કળીઓ, યોવન કયારી,
ભોગી ભ્રમર તમે, થાઓ વીહારી,
ન્યારી ન્યારી ખુશબોદારી ચુટી લઇ પ્રાણ,
લ્યોને સુગધી દીલદારા. પ્રેમ.
આપુ લાખેણો લ્હાવો લાલાજી,
ઝીલાવુ જોબન હોસે વ્હાલાજી,
તન મન ધન સઉ કરૂ ખુરબાન,
પ્રેમ પલગે પોઢાડું પ્યારા. પ્રેમ.

વિલાસ— ૪૭

થાકયો ફરીને સઘળે જોઇ, માર્ગ ન સીધો બતાવે કોઇ,
ઘણી વીતી છે રાત, સાભળતુ નથી કોઇ વાત, નક્કી મારો મારી ઘાત,
હૈયુ ભરાઇ આવે છે જવાએ રોઇ. માર્ગ.
અલ્યા ભાઇ એ દરવાન?

—અબે કોન હે સેતાન, કીયા કયુ મુજકુ હેરાન,
કાફીર કયું નીંદ તુને મેરી ખોઇ. માર્ગ.

વિલાસ—એજી લીજીએ રૂસવત,

વિલાસ—અજી આઇએ જનાબ.

દરવાન—હાંહાં બહોત હે સવાબ, અબ તેરી મેરી મોહોબત હુઈ. માર્ગ

વિલાસ— ૪૮

રાજા ગર્વ શું કરવા ધરો (૨) છે વીર માતા પૃથ્વી પરહજી,
નીરજ તજીરે નથી જણ્યા છેજ ક્ષત્રી વીરો ધરતા ધનુર્વિદ્યા રાજા.
શુ વચન ભણો સરખા ગણો, ક્રોધજ મનમાં ઉઠે ઘણો,
શુણુ રો શુ ક્ષત્રી તણો, સુત નાગ કણો. રાજા.
હુ છું સુરાનો સુત, ક્ષત્રી તણોજ પુત્ર
ઉડાવું ફુલને ગજાવું કુળને વિજય વિદ્યા તણો. રાજા.

સર્વ સભા— ૪૯

શાબાશ શાબાશ (૩) ઉડાવી ફુલને ગજાવી કુળને
હાચાડી ભુપની આશ. શાબાશ.
રાખ્યો તેં ક્ષત્રીનો ટેક, મારીને બાણુજ એક,
આકાશે ફેંકીને લકથી લ્હેકીને થયો તુ સર્વમા પાસ. શાબાશ.
વિદ્યા તારી ખરી સાચી ન કાચી જરી,
ધન્ય તુને ધન્ય તુજ માતુ ધન્ય કર્યો વિજય આવાશ. શાબાશ.
વિદ્યા છે પુજી અમુલ્ય, કોઇ કરે ન એનીજ તુલ્ય,
સીંહ સુરો પાસ રાખે એને ખાસ કરવા શત્રુનો નાશ. શાબાશ.

સાહેલીઓ— ૫૦

સાહેલી હેઠા આવો, મુકતાની માળા લાવો,
પહેરાવો વારી જાઓ, વરને મોતીડે વધાવો. સાહેલી.
હાથ ગ્રહી રંગે રસીયાનો બાહ્ય કૃતારથ થાવો. સાહેલી.
રૂમ ઝુમ ઠુમ કુમ કુમને પગલે ચચળ ચરણે ઉઠાવો,
રે આવો મન ભાવો,

૧ સાહેલી—ન સરમાઇએ,

૨ સાહેલી—આધાં જઇએ,

સુંદરબાળા—ચુપ રહીએ.

૩ સાહેલી—લાહાવો લઇએ,
પ્રેમરસ પ્રીતમને પાવો	સ.

સાહેલીઓ—પીયુને પ્રેમરસ પાવો.	**સાહેલી.**

સર્વ સભા.— ૫૧

કરાવો તમે તીલક પ્રેમે રાજકુમાર,
સુખકાર બાળા સરદાર જય જય જયકાર	**પ્રેમે.**
આનંદ આનંદ આજે ધન્ય ઘડી દન,
અતિજ પ્રશન્ન થયા સઉ મન	કરાવો

તપસસીંહ— ૫૨

પિયા પુત્ર પાછા મળ્યા, હરખ ભેર આ વાર
દુખી હાલ કંગાલ હું, ઉભો છું આ દ્વાર,
રાજ રત્ન જે મુજ હવી, થયો કલંકીત સાર,
મુજ માટે તસ્કર ઠર્યો વેઠયા કષ્ટ અપાર,

તપસિંહ— ૫૩

પતિ ભ્રાત સ્ત્રી પુત્રનુ વિયોગ દુખ છે હાય,
તખતમીર મુજ નામ છે, રત્નપુરીનો રાય

સર્વ સભા-- ૫૪

ન્યા રંગ આનંદ છે અંગ અતોઆ પ્રગગતા	રહ્યો
નીમક હલાલી કીધી નીજ દાસે, શુ સ્વામી ભકતીમા આજે ઉલ્હાસે.
ધન્ય એવા જનના જયપતી	રહ્યો
નગર રત્નપુરીના માહારાજા, ચાહાણ તખ્ત સકળ ગુણ ઝાઝા,
પુરા પુરા કીધી કીર્તી છતા.	રહ્યો
રમાકુમારી તેની સુદ્ધ નાણી, રહ્યા શીયળ નીજ કરતી એ સ્યાણી,
ડર નવ ખાધા વેઠી વીપત્તી.	રહ્યો.
કુવર મરાણો એનોજ યસીએ, તોએ ન શત્રુ પગનગા ફ્રમીએ,
ધન્ય ધન્ય એવી સતી દપતી	રહ્યો

સમાપ્ત.